ટપુંક

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

વર્ષ : ૧૩
અંક : ૮

## લોકપાલ

હમણાથી સતત ચર્ચામાં રહેલ લોકપાલ અંગેનો મુદો તથા આરટીઆઈ બાબતે એક સર્વેમાં ગુજરાતના ૯૫૦ યુવાનોને પુછાયેલા બે પ્રશ્નોના સાચા જવાબ માત્ર ૪ જ યુવાનો આપી શકયા હતા. તેવા સમાચાર અખબારોમાં પ્રસિધ્ધ થયા. તા. ૧૬ મી ઓગસ્ટના રોજ લોકપાલબીલના મુદે લડત ચલાવી રહેલ અન્ના હજારેની અટક થઈ એટલે લોકોમાં સ્વયંભુ આક્રોશ જોવા મળ્યો. આ આક્રોશ વ્યકત કરતા દેખાવો કરતા યુવાનોને આ પ્રશ્નો પુછાયેલા હતા તેવો ઉલ્લેખ અખબારોમાં હતો.

વિવિધ કચેરીઓમાં કામ કરતા લોકોમાં પણ લોકપાલ બીલના મુદે શ્રી હજારેએ પ્રથમ આંદોલનનો આરંભ કર્યો એ વખતે ચર્ચા ચાલતી હતી પરંતુ આ બાબતને કયાંય ઉંડાણથી જોવામાં આવી ન હતી કે તેની ગંભીરતા પણ લીધી ન હોય તેમ લાગતું હતું. સ્વૈચ્છિક સંગઠનો આ પ્રકારની લડતમાં પણ સામેલ હોય છે. પરંતુ સંસ્થાના પ્રમુખ લોકો તે અંગે વાકેફ હોય છે. પરંતુ તેમના અન્ય કાર્યકરો સાથે વાત કરતા જાણવા મળે છે કે તેઓને નથી લોકપાલબીલની ખબર કે નથી માહિતી અધિકારના કાયદાની ખબર.

ઉપર મુજબની સ્થિતી હોય ત્યારે નાગરીક સમાજને નડતી નાની મોટી અડચણો દુર કરવા પગલા લેવાતાં હોય તે પગલાઓમાં આ જાગૃત ગણાતા સમાજના સમુહો શું ભાગ ભજવી શકે? તે અહી મોટો સવાલ છે.

૧૯૯૫–૯૬માં અમલી બનાવવામાં આવેલ વોટરશેડની યોજનાના અમલીકરણની સત્તા ગામના લોકોને સોંપવામાં આવી આ યોજનાની કાર્યરીતિ નકકી કરવા શ્રી હનુમંથરાવના અઘ્યક્ષપણા હેઠળ રચાયેલ તજજ્ઞ સમિતીમાં શ્રી અન્ના હજારે પણ હતા. શ્રી હજારેએ કરેલા રાલેગણના સફળ પ્રયોગોની બાબતોને આ યોજનામાં સમાવી તેનો અમલ પુરા ભારતમાં કરવા માટે શાસન વ્યવસ્થાએ પહેલ કરી. જેથી ઓછા વરસાદ વાળા અને રણ વિસ્તારોમાં લોકોએ જાતે પોતાના અનુભવના આધારે આયોજન કરી અમલ કરી શકયા ત્યાં ખુબ સારા પરીણામો મળી શકયા છે. તેમ છતા ત્યાર બાદ ધીરે ધીરે લોકોની ભુમિકા માત્ર કાગળ પર રહી ગઈ હતી જે આપણી જાગૃતિ પ્રત્યેની

**અભિમાનનાં આરંભથી નાશની પ્રક્રિયા શરૂં થાય છે.**

ઉદાસીનતા દર્શાવે છે.

માહિતી અધિકાર અધિનિયમ, મહાત્માગાંધી રાષ્ટ્રિય ગ્રામિણ સ્વરોજગાર અધિનિયમ, ઘરેલું હિંસા અધિનિયમ જેવા ઘણાં કાયદાઓ છેલ્લાં દાયકામાં લાગુ કરવા સંસદે તે પસાર કર્યા અને તેનો અમલ શરૂ થયો. પરંતુ કેટલાક લોકો અમુક વહિવટકર્તાઓને આરટીઆઈ અધિનિયમથી ડરાવે છે અને તેમની પાસેથી લાભો મેળવવાનો વ્યવસાય ચલાવે છે. રોજગાર યોજનામાં પણ આખા દેશમાં શું સ્થિતી છે એ રોજ અખબારોમાં વાંચવા મળે છે. સ્ત્રીઓને ઘરેલું હિસાં માટે ઘણી બધી રક્ષણાત્મક બાબતો ને લઈ સેવાઓ મળી શકે તેવી બાબતના આ અધિનિયમ ખરેખર કેટલી પિડીત મહિલાઓને ઉપયોગી થયો હશે તે બાબતે અભ્યાસ કરવો જરૂરી છે. આ થઈ સામાન્ય બે ત્રણ કાયદાઓની વાત આગળ જતા મજબુત લોકપાલબીલ તૈયાર થાય અને સંસદ તેને મંજુરી આપે અને તેની અમલ પ્રક્રિયા કાયદો ઘડવા માટેના હેતુઓને પાર પાડવા માટે થાય તેવી અપેક્ષા હાલની તકે દરેક લોકોમાં હોય તેમ લાગે છે. તેમજ અગાઉના ઘડાયેલા કાયદાઓ અસરકારક રીતે અમલમાં આવી શકે તેવી પણ શકયતા જોવાઈ રહી છે. નાગરીક સમાજમાં આ આંદોલનથી જે જાગૃતિ જોવા મળી છે તે આશાસ્પદ જણાય છે.

## ફિલ્ડ વિઝીટ તથા મિટીંગ

૧૪ અને ૧૫ ઓગષ્ટ૧૧ દરમ્યાન જુનાગઢ જીલ્લાના હરમડીયા પ્રા.આ.કે.ના આરોગ્ય કાર્યકરોની મુલાકાત, મીતીયાઝ ગામે સીવણ વર્ગના બહેનો સાથે વાર્તાલાપ તથા ભુવાટીબી ગામે હવામાન આધારિત વીમા યોજનામાં જોડાયેલા ખેડૂતો સાથે તેમની ખેડૂત ડાયરી પર



ચર્ચા કરી હતી તેમજ ચિત્રાવડ ગામે વેરાવળ, તાલાળા, સુત્રાપાડામાં ચાલી રહેલ ટીએસસી પ્રોજેકટના કાર્યકરોની સાથે મિટીંગ કરી તેમાં ચાલતી કામગીરીની સમિક્ષા કરવામાં આવી હતી.

ચિત્રાવડમાં ચાલતા તાલીમ વર્ગના બહેનો સાથે તેઓએ શીખેલી બાબતોની ચર્ચા કરી હતી. હિરણવેલ ગામે ચાલતા તાલીમ વર્ગની પણ સંસ્થાના કાર્યકરોએ મુલાકાત લીધી અને તાલીમાર્થીઓને મળી તેઓની તાલીમથી માહિતગાર થયા હતા.

**યોગી ન થવાય તો કંઈ નહી, ઉપયોગી થવાય તો ઘણું.**

## આઈસ્ક્રીમ

તમને આઈસ્ક્રીમ બહુ ભાવે છે, ખરું ને ? ચાલો, આજે હુ તમને આઈસ્ક્રીમ વિશે વાત કરું. આજથી હજારો વર્ષ પહેલાં ઊંચાં બરફ – આચ્છાદિત પહાડી ક્ષેત્રમાં કોઈ વાસણમાં દુધ લઈને એને બહાર રાખવામાં આવે. જો કે તે સવાર સુધી જામી જતું હતું. અને લોકો એને મજાથી ખાતા હતા. આ હતું આઈસ્ક્રીમનું પ્રારંભિક સ્વરૂપ. ચીનમાં ઈસુનો એક હજાર વર્ષ પહેલા લખાયેલી કવિતાઓમાં આઈસ્ક્રીમનો ઉલ્લેખ મળે છે.

રોમના સમ્રાટ નીરોએ પહેલી વાર દુધ, ફળોનો રસ અને મધ સાથે પર્વતો ઉપર જામેલો બરફ મુળવીને આઈસ્ક્રીમ તૈયાર કરાવ્યો. આ સ્વાદિષ્ટ વાનગી રોમમાં ખુબજ લોકપ્રિય થઈ. નીરોએ તો પહાડો પરથી બરફ લાવવાના કામમાં ત્રણ હજાર ગુલામો લગાવી દીધા.

માણસોએ ત્યાં સુધી કૃત્રિમ વરસાદ વરસવાની પદ્ધતિ શોધી ન હતી. એ સમયે બરફ માનવી માટે કુદરતનું એક મોટું આશ્ચર્ય હતું. જોકે બરફનો મોટા ભાગે ઉપયોગ તો ગરમીઓમાં જ થતો, બાદશાહ અને અમીરો માટે દુર દુરથી ઘોઈને લાવતા બરફનો મોટો ભાગ તો રસ્તામાં જ ઓગળી જતો. આ પક્રિયામાં બરફ એટલો મોઘો થઈ જતો કે ગરીબો માટે તો એ ખરીદવો જ મુશ્કેલ હતો.

આજથી લગભગ સાતસો વર્ષ પહેલાં તેરમી સદીમાં વિશ્વ વિખ્યાત વેનિસ–પ્રવાસી માર્કોપોલો ચીન પહોચ્યો. ત્યાંના સમ્રાટને આઈસ્ક્રીમની મજા માણતા જોયા. માર્કોપોલોને આઈસ્ક્રીમનો સ્વાદ ખુબ સરસ લાગ્યો પરંતુ તે ચીનમાં આઈસ્ક્રીમ બનાવવાની રીત જાણવામાં સફળ ન થયો. કારણ સમ્રાટ કુબલાઈખાને આઈસ્ક્રીમ બનાવવાની રીતને ગુપ્ત રાખવામાં જાહેરાત કરેલી હતી. એથી એ ખુબ નિરાશ થયો.

## હાસ્ય

મીઠાઈની એક દુકાનમાં જમવાની સગવડ પણ હતી. ત્યાં પાટિયુ મુકેલુ હતું :– પેટ ભરીને જમો પૈસાની બીલકુલ ફિકર કરશો નહી તમારા પુત્ર કે પૌત્ર બિલ ચુકવશે તો પણ ચાલશે

એક ખાઉધરા ભાઈએ ત્યાં જઈને બેઠક જમાવી પેટ ભરીને જાત જાતની મીઠાઈ ખાધી. પછી મોટા ઓડકાર ખાતા એ પેટ ઉપર હાથ ફેરવી રહયા હતા ત્યા વેઈટરે આવીને બીલ ધર્યું. હસીને તે પાછુ આપતા પેલા ખાઉધરા ભાઈએ કહયું. ''એના પૈસા મારો પૌત્ર ચુકવશે સમજયો.... પણ સાહેબ આ બીલ આપે ખાધુ તેનુ નથી'' વેઈટરે હસીને કહયું આ તો આપના દાદાજી અહી જમી ગયેલા તેનું છે.

**સંકલન :** પ્રેમલ જોષી

***હંમેશા પેટને પુછીને ખાવું જીભન પુછીને નહી.***



## આપણી કુટેવો

ઘણી વાર એવુ બનતુ હોય છે કે કશું જ આપ્યા લીધા વિના સુટેવોના કારણે એક માણસ સૌનો પ્રિય થઈ જતો હોય છે. જયારે કુટેવોના કારણે બીજો માણસ અપ્રિય થઈ જતો હોય છે.

ઘણા લોકો સવારે ઉઠતાની સાથે જ મોટાં અવાજે કાંઈ ને કાંઈ બોલવાની ટેવવાળા હોય છે. બીજાની પરવા કર્યા વિના પોતે બુમો પાડતા હોય છે. આ કુટેવ છે. શાન્તિથી ઉઠીએ, જરા પણ અવાજ ન કરીએ.

બારણું, ખાટલો, ડોલ, નળ વગેરે એવી રીતે ઉપયોગ કરીએ કે ધોંધાટ ન થાય. યાદ રાખીએ કે બીજાનાં સુખ શાન્તિમાં ખલેલ પાડવી એ સારૂ નથી.

માણસો ગમે ત્યારે ગમે ત્યાં શૌચક્રિયા કરવા બેસી જાય છે. ગામનો પ્રત્યેક ખુણો ગંદકીથી ખદબદતું નરક છે. આ ભારત સિવાય બીજે ભાગ્યે જ આવાં દશ્યો જોઈ શકાશે. પશ્ચિમમાં તો આવી રીતે ખુલ્લેઆમ કુદરતી હાજતે જવાની કલ્પના પણ ન થઈ શકે. ઘણાં લોકોને ચોકડી– બાથરૂમ કે વોશ– બેસીનમાં દાતણ કરવું ગમતું નથી. તેઓ રસ્તા પર ઉભાં–ઉભાં, ફરતા–ફરતા કે કયાંય બેઠાં – બેઠા દાતણ કરી રહયાં છે. તેમનો કફ, ઉલ અને કોગળાની ગંદકી તેઓ રસ્તા પર ચારે તરફ ઠાલવી રહયાં છે. એજ ધુળમાં મહોલ્લાનાં બાળકો રમવાનાં છે. લોકો ઉઘાડા પગે ચાલવાના છે. એ જ માટી લઈને કેટલાંક માણસો વાસણો માંજવાના છે. કોણ કોને કહે ? આ એક વ્યકિતની ટેવ નથી, પુરી પ્રજાની કુટેવ છે. જો લોકો બાથરૂમ, ચોકડી કે વોશબેસીનમાં બ્રશ વગેરે કરે તો તે બધી ગંદકી અને રોગાણુંઓથી મુકત રહે. આપણું અને આપણા બાળકોનું આરોગ્ય કથળતું અટકે.

હવે અહીં જુઓ આ ઘરનું પાણી કેમ પિવાય? એઠોં જ પ્યાલો વાસણ માટલીમાં નાખે છે. આખી માટલી અનેક લોકોથી એઠી થયા કરે છે. આ જ કારણે આપણે ત્યાં '' ચોખ્ખું પાણી '' લાવજો એમ કહેવાનો રિવાજ પડયો હશે. બધાં જ ચોખ્ખું પાણી પીએ તો કેવું સારૂ ? પણ કુટેવ જાય તો ને!

ઓફીસ સમય કરતા જેમ બંને તેમ મોડા આવવાની તથા સમય કરતાં વહેલા ચાલ્યા જવાની કુટેવ હવે રૂઆબ તથા સામર્થ્યનું પ્રતિક બની ગઈ છે. અગિયાર વાગી ગયાં છે પણ દેખાય છે કોઈ ? સૌને મોડું થવાનું કારણ હોય છે. આજ માણસો ઈંગ્લેન્ડ– અમેરીકા જાય તો સમયસર પહોંચતા થઈ જાય છે. કારણ કે, ત્યાં ચલાવી લેવાતું નથી. ચાલો, મોડાં આવ્યાં તો કાંઈ નહી, પણ હવે ઝડપથી કામે વળગો અને

**જેને ભુખ ના હોય એને ભોજન માં સ્વાદ ના આવે.**

કામો પતાવો. ના..રે..ના.. હજી તો સમાચાર પત્રો વાંચશે, નવાજુના તથા રાજકારણની ચર્ચા થશે, પછી જોયું જશે. પેલા બહેનને જુઓ, ખુરશી ઉપર જ ઉંઘી ગયા છે. કારણ કે ગઈ રાત્રે નવરાત્રી ગરબા રમતા ઉજાગરા થયા છે. અને આ સાહેબ પણ ઝોકાં ખાઈ રહયાં છે, તે એમ સમજી બેઠાં છે કે, ઓફીસમાં આવીને ઉંઘી જવાની કામગીરી બજાવવાનો જ પગાર મળે છે. ઓફીસમાં કામ કરાવવાં જનારની ઉપેક્ષા, તોછડાઈ, તિરસ્કાર, વારંવાર ધકકા અત્યંત વિલંબ વગેરે અનેક કુટેવોથી આપણે ખદબદી રહયાં છીએ. જો આ કુટેવોને છોડી શકાય અને પ્રત્યેક વ્યકિત – નિર્ધારિત સમયે કામે લાગી જાય, સચ્ચાઈ, પ્રામાણિકતા અને પુરી કુશળતાથી પોતાની જવાબદારીઓ પાર પાડે તો આ દેશ સ્વર્ગ બની જાય. આ દેશને નરક બનાવવામાં સૌથી વધુ ફાળો આ ખુરશીઓ આપી રહી છે.

કોઈ પણ પ્રજાને મહાન બનાવી હોય તો તેનું સારી રીતે ઘડતર થવું જોઈએ. તેનું ચાલવું, બેસવું, ઉઠવું, બોલવું, વર્તવું, ખાવું, પીવું વગેરે બધું જ ભદ્રતાપુર્ણ હોય તો પ્રજા આપો–આપ મહાન બને.

આપણાં બાળકોને મહાન બનાવવાં હોય તો આપણે બાળપણથી જ તેમને સુટેવ પાડીએ. કુટેવોને વીણી–વીણી દુર કરીએ.

**મનસુખ બી વેકરીયા**

## સર્વ ધર્મોમાં માનવતાનુ તત્વ

સમગ્ર પશુ સૃષ્ટિથી માનવને જુદો પાડનારુ તત્વ ધર્મ છે. માનવતાને ધર્મના પર્યાય તરીકે મુકી શકાય. માનવતા વગરના ધર્મને પ્રકાશ વિનાના દીપ કે નીર વીનાના સરોવર જોડે સરખાવી શકાય. માનવમાં માનવતા પ્રગટાવે તે જ ધર્મ સાચો. વાઘ કે સિંહના શીશુને, "વાઘ કે સિંહ થા" એમ કહેવુ પડતુ નથી. પરંતુ માનવના સંતાનને "તુ માનવ થા" એવો ઉપદેશ કરવો પડે છે. પશુ–પક્ષીઓ પાકૃતિક જીવન જીવે છે જયારે માનવ સાંસ્કૃતિક જીવન જીવીને ઉન્નતીને ઝંખે છે.

માનવમાત્રમાં માણસાઈ પ્રગટાવવાનુ કાર્ય ધર્મ કરે છે. માણસાઈ હંમેશા ત્યાગ બલિદાન તેમજ પ્રેમની અપેક્ષા રાખે છે. પ્રેમમાં વિશ્વાસનું પ્રાબલ્ય છે. અને વિશ્વાસ પર તો માનવસંબધો ટકે છે. માનવના દિલને સ્પર્શવામાં નીતી કરતા ધર્મ વધારે સક્ષમ છે. અને હદયસ્પર્શી તત્વ જ હદયપરીવર્તન સાધી શકે છે. એ નિર્વીવાદ ઘટના છે. આ વાતને સદ્રષ્ટાંત સમજવા પ્રયત્ન કરીએ... વર્ષો પહેલા એક બહેન એક દુકાને ઘી લેવા ગયા. પંદર રૂપીયા આપીને એમણે એક શેર ઘી ખરીદ્યુ. આપ–લેમાં ઘીનુ વાસણ બહેનના હાથમાંથી પડી ગયું. બહેન રડવા લાગ્યા. તેમણે ઘીના વેપારીને કહયું, મને બીજુ ઘી આપો. હજુ પંદર દિવસ પહેલા જ પરણીને સાસરે આવી છુ, ઘી લીધા વગર જઈશ તો સાસુ

**જીવનમાં પોલીસ, વકીલ, દાકતરથી બચવું જોઈએ તે દુર એટલા સારા.**

ચિડાશે. નાનકડી વાત મોટા ઝઘડાનુ રૂપ લેશે અને મારા સંસારમાં હોળી સર્જાશે.

હવે આ વેપારીએ આ બહેનને ફરી વાર ઘી આપવુ કે નહી? જો એ બીજીવાર ઘી ન આપે તો નીતીમાન અને આપે તો ધાર્મિક! નીતી માણસ પાસેથી પ્રામાણીકતાની અપેક્ષા રાખે છે. પરંતુ પરોપકાર કે પ્રમને એમાં જગ્યા નથી.વેપારી વ્યાજબી ભાવ લે, શુદ્ધ માલ આપે અને તોલમાપમાં દગો ન કરે એ પ્રામાણીક ગણાય. પૈસા લીધા પછી એ પ્રમાણે ઘી આપનાર નીતીમાન વેપારી બીજી વાર ઘી આપવા બંધાયેલો નથી પરંતુ ધર્મ માણસને એનાથી બે ડગલા આગળ લઈ જાય છે.

ધાર્મિક વેપારી વિચાર કરે છે કે (૧) ઘી નુ વાસણ એના હાથ માંથી છટકવાને બદલે મારા હાથમાથી છટક્યું હોત તો? વળી (૨) પંદર રૂપીયા એ કઈ મોટી વાત છે? આટલી નાનકડી વાત માટે એના ઘરમાં હોળી સળગે એ શુ યોગ્ય ગણાય? એ મારી બહેન છે. એની આપત્તિમાં મારે ઉભા રહેવુ જોઈએ. તેમજ (૩) આજે એ ઘરમા નવી પરણીને આવી છે. થોડા વખતમાં ઘરમાં એની પકડ આવી જશે તો એ મારા પૈસા આપ્યા વગર રહેશે નહી.

ધર્મ માણસને આ બધો વિચાર કરતો કરી મુકે છે. પરીણામે માણસ પોતે ઘસાઈને બીજાને સહાયભુત થવા સદા તત્પર રહે છે. નીતી માણસને ખોટુ કરતા રોકશે જયારે ધર્મ માણસને સાચુ કરવા પ્રેરશે. નીતીમાન માણસ ખરાબ નહી હોય, પણ ધાર્મીક માણસ અનિવાર્યપણે સારો હોવો જ જોઈએ. ઈસુ ખ્રિસ્તે પણ માનવમાત્રને પ્રેમનો સંદેશ આપ્યો છે. ''પડોશી પર આત્મવત પ્રેમ કર'' એ એમણે આપેલો મહાન જીવનમંત્ર છે. પાસેના માણસ પર પ્રેમ કરતા શીખવે એ જ સાચો ધર્મ. વિશ્વશાંતીની હવાઈ વાતો કરવા કરતા પડોશી પર પ્રેમ કરી બતાવવો એ વધારે મહત્વનુ છે. ગીતા પણ આત્મૈપમ્ય દ્રષ્ટિથી જીવવાનુ જ સુચવે છે.

સાચા અર્થમાં સમજીએ તો પ્રત્યેક ધર્મ માણસને માણસ બનાવવા કટીબધ્ધ છે. સતા, સંપતિ કે શકિત એ ઈશ્વરી વરદાન છે. તેથી માનવ કલ્યાણ માટે જ એનો ઉપયોગ કરવો જોઈએ. ધર્મનુ સાચુ તત્વ માનવને એના સત્વનો પરીચય આપે છે. અને એના જીવનમાં માનવતાની મહેક પ્રસરાવે છે.

**પ્રેરણા**

જયારે તમે કોઈ મોટી મુશ્કેલીમાં સંપડાય અને બધુ જ તમારી વિરૂદ્ધ જતું લાગે અરે ! એટલે સુધી કે હવે એક મિનિટ પણ ટકી રહેવું અશકય લાગે ત્યારે તો તમારી વાતને ખાસ વળગી રહેજો કેમકે કદાચ એજ સ્થળે અને એજ ક્ષણે તમારી મુશ્કેલીમાં ઓટ આવતી શરૂ થવા લાગે અને સફળતામાં ભરતી શરૂ થવા લાગે

***સંકલન :*** *નવલિકા પટોળીયા*

***મનભાવતા ભોજન પર કાબુ ના રાખો તો રોગ થાય છે.***

## સ્વરોજગાર તાલીમ

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર દ્વારા તાલાલા તાલુકામાં હિરણવેલ ગામમાં બે માસ માટે આરીભરતનો તાલીમવર્ગ શરૂ કરવામાં આવ્યો. આ તાલીમવર્ગમાં ગરીબી રેખા હેઠળના પરિવારોની ૪૦ બેહનોને તાલીમ આપવામાં આવશે. આ તાલીમ મેળવી તેઓ પોતે પોતાના કુટુંબનું ભરણ પોષણ કરવામાં મદદગાર થઈ શકશે અને ગ્રામ્ય કક્ષાએ સ્વરોજગારીની તકો વધશે તેવા હેતુને ધ્યાનમાં લઈ શરૂ થયેલા તાલીમવર્ગથી ગામમાં આનંદનો અનેરો ઉત્સાહ જોવા મળ્યો.

તાલીમ કાર્યક્રમના શુભારંભમા તાલાલા તાલુકામાંથી ગ્રામસેવક શ્રી.એમ.એસ. બારડ ટીએસસી સુપરવાઈઝર રાકેશભાઈ સોંદરવા ટી.એસ.સી કાર્યકર મીત્રો તાલીમકાર મુકેશભાઈ દિક્ષિત ગામના સરપંચ શ્રી તથા ગામના આગેવાનો હાજર રહયા હતા.





ધીરૂભાઈ વાગડીયા, અશોકભાઈ શેલાર, પ્રમોદભાઈ જોષી, ખ્યાતી ધ્રુવ અને સોનલ કરકર એ તા.૩૦/૭/૧૧ ના રોજ ચુડા ગામે સંસ્થા દ્વારા ચાલતા બ્યુટીપાર્લર તાલીમ વર્ગની મુલાકાત લીધી હતી. તાલીમાર્થીઓએ ફેસીયલ, બ્લીચ, આઈબ્રો, હેરકટીંગ, વેકસ અને મહેંદી વિ. તાલીમના વિષયો શીખી લીધા હતા અને તેની પ્રેકટીસ કરવાનુ શરૂ કરી દીધુ હતુ તેવુ તાલીમાર્થી બહેનો સાથેની ચર્ચામાથી જાણવા મળ્યુ. વર્ગ સંચાલક શ્રીમતિ અર્ચનાબેન રાવરાણી પાસેથી શીખવા શીખવવાની પધ્ધતિઓની વિગતો મેળવી હતી. તેમજ તેઓએ કરાવેલ થીયરી અને પ્રેકટીકલનું નિદર્શન કર્યુ હતુ. હવે બાકી રહેલા કોર્સની વિગતો આપી તે સમયમર્યાદામાં પુર્ણ થાય તે માટેનુ આયોજન પણ આપ્યુ હતુ. કોર્સ પુર્ણ થયા બાદ રોજગારી તથા લોન સંબંધી ચર્ચા કરવામાં આવી હતી.

**સફળ થવાના બે રસ્તા છેઃ ગમતું કામ કરો અથવા કામને ગમતું કરો.**

**Well wisher of this month**

1309 Manu Bhatnagar
840 Nilesh Naseet
840 Sonal Bhadoria

**પ્રિય વાચક મિત્રો,**

ટપક માટે આપ, સહયોગ રાશિ મોકલી શકો છો. ટપકને મોકલવામાં આવનાર આ રકમ ચેક અથવા ડ્રાફ્ટ થી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનાં નામે મોકલવા વિનંતી છે.

આપની આસપાસ બનતા બનાવો કે જે બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો તેથી અન્ય લોકો તે વિશે માહીતગાર બનશે.

– ટપક ટીમ

***Angage on this month***

01 Start Aribharat training on Hiranvel (Talala)
06 SKVAW coregroup meeting at Ahmedavad
08-12 Writeahop at Sajjatasangh
11 Training on law at Amreli
14-15 Field visit in Junagadh for TSC, SDI and VSHC
23-24 Workshop on Rural Marketing Intervention - Lucknow
19 Meeting on NRLM at Ahmedabad
27-30 Aser training, Ahemdavad
23-27 VHSC ToT Chetna, Ahemdvad

**માહિતી અધિકાર હેલ્પલાઈન : ૯૯૨૪૦૮૫૦૦૦**

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. L2/41/G-AMI-91/2008**
**Valid Upto 31/12/2011**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

SskK
ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**લક્ષ્ય નકકી તો કરો, પ્રતિકુળતા આપોઆપ અનુકુળતામાં પલટાઈ જશે.**